જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૩૪૮ લીટર દેશી દારૂ, ૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૦૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૭/૨૦૨૫**

શાહીબાગઃ ભાગવંતીબહેન વા/ઓ સજજનરાજ સેખલેચા (ઉ.વ.૭૨)(રહે.રજનીગંધા ટાવર, સુજાતા ફલેટ પાસે, શાહીબાગ) એ તા.૨૦/૧૨/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે શાહીબાગ અર્હમ ફલેટ સામે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભાગવંતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૯૮/૨૦૨૫**

વટવાઃ ક્રિષ્ના વા/ઓ આકાશ ઠાકોર (ઉ.વ.૨૫)(રહે.એવલોન સ્કાય ડીએચએસ ફ્લોરાની સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

દાણીલીમડાઃ વિશાલ દિપકકુમાર પરમાર (ઉ.વ.૨૮)(રહે.વિઠ્ઠલનગર, બાબુનગર પાસે, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન સવારના ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરણભાઇ મનહરભાઇ ચલાવે છે.

નારોલઃ મેઘા રોહન પટેલ (ઉ.વ.૩૨)(રહે.એકતાપાર્ક રો–હાઉસ મુખીની વાડી પાસે ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી